ગાંધીનગર સમાચાર

# મનપાના ચુંટણી જંગમાં પેનલો તુટતી નજરે પડે છે




મતાધિકાર - ચૂંટણી જંગના લડવૈયાઓએ પણ પોત-પોતાના મતદાન મથક પર મતાધિકારનો ઉત્સાહપૂર્વક ઉપયોગ કર્યો હતો... લોકતંત્રને મજબૂત બનાવવા પવિત્ર મત આપવાની પ્રેરણા આપતી તસવીરો.... (તસવીર : કશ્યપ નિમાવત)

## સંખ્યાબંધ મતદારોના નામ ગુમ : અમદાવાદવાળી થઇ છે

ગાંધીનગર તા ૨૪

મહાનગરપાલિકાની ચુંટણીમાં આજે મતદાનની પ્રકીયા દરમિયાન સેકટરોમાં ઘણાં મતદારોના નામ યાદીમાંથી ગુમ થઇ ગયા હોવાની અગ્રણી શૈલેષ પંડયાનુ નામ જ મતદાર યાદીમાંથી ભુંસાઇ જતા તેમણે આક્રોશ વ્યકત કર્યો હતો.વોર્ડ નં-પમાં પણ ઘ ટાઇપ વિસ્તારના અનેક મતદારોનુ નામ યાદીમાં સામેલ ન હતુ. જયારે આખે આખા પરિવારજનોના નામ પણ મતદારયાદીમાં ન હોવા ઉપરાંત કેટલાક કીસ્સામાં નામો બદલાઇ ગયા હોવાની ફરિયાદોના લીધે મતદાનની પારદર્શક પ્રક્રીયા સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો હતો. સે-૧૩ની ઝુંપડા વસાહતમાં પણ મતદારોના નામ યાદીમાં જોવા ન મળ્યા હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો હતો. આકરી ગરમીમાં મતદાન કરવા મથક સુધી પહોંચેલા મતદારોને અનેક હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. મતદાર



(તસવીર : કશ્યપ નિમાવત)

ફરિયાદોના લીધે પણ આક્રોશ પ્રવર્તયો હતો. વોર્ડનં-૩ માં વિશ્વકર્મા શોપિંગ સેન્ટર પાસેના ઝુંપડામાં રહેતા મતદારોના નામ યાદીમાંથી અદ્રશ્ય થઇ ગયા હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે.જયારે કેટલાક કીસ્સામાં કુટુંબીજનોના નામ પણ બદલાઇ ગયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. સે-૨૧માં રહેતા યાદીમાંથી નામો ગુમ થયા હોવાનો મદ્દો દિવસ દરમિયાન ટોક ઓફ ધ ટાઉન રહયો હતો. જયારે કેટલાક ઠેકાણે આમ નાગરિકો એવી પણ ચર્ચા કરતા નજરે પડયા હતા કે મતદારયાદીમાં અમદાવાદવાળી થઇ છે. જેના લીધે ઘણાંખરા મતદારોના નામો અદ્રશ્ય થઇ ગયા છે.

## મનપાના ચુંટણી જંગમાં પેનલો તુટતી નજરે પડે છે

### જ્ઞાતિ, ગામ અને સેકટરના સમીકરણો પેનલોને નડશે

ગાંધીનગર, તા.૨૪

મહાનગર પાલિકાની ચુંટણીમાં આજે મતદાનની પ્રકિયાને અંતે પણ પરિણામનો તાગ મેળવવો વધુ મુશ્કલે બની હોવાનું સ્પષ્ટ બન્યું છે. ચુંટણીનું પરિણામ તા. ૨૬મી મંગળવારના રોજ જાહેર થવાનું છે. ત્યારે મતદાન બાદ રાજકીય વર્તુળમાં પરિણામ લક્ષી ઉતેજના વધુ પ્રબળ બની છે.

પ્રત્યેક વોર્ડમાં રચાયેલી પેનલો સંપૂર્ણ રીતે ચુંટાશે કે તુટશે તે વાત ચુંટણી પરિણામનો અસહ્ય મુદ્દો બની ગયો છે. ત્યારે જ્ઞાતિ આધારીત રાજકારણ અને વ્યકિતગત મતો બટોરવાની નિતી મહાનગર પાલિકાના ચુંટણી પરિણામોના સમીકરણો બદલી નાંખે તેવી પણ પ્રબળ શકયતા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીની મતદાન પ્રક્રિયા આજે પૂર્ણ થઈ ગઈ છે. મતદારો અને ઉમેદવારો અને કાર્યકરોએ હાશકારો અનુભવ્યો છે. મનપાના ચુંટણી જંગમાં ૧૦૦ થી વધુ ઉમેદવારોએ દાવેદારી કરી છે. આજે મતપેટીમાં તેમના ભાવિ બંધ થયા છે.

ચુંટણી પુરી થયા બાદ કાર્યાલયો પર કંઈ પાર્ટીનો કયો ઉમેદવાર જીતશે, કંઈ પેનલ સંપૂર્ણ જીત મેળવશે, અપક્ષ ઉમેદવાર કેટલા મત તોડશે અને તોડશે તો કોને નુકશાન થશે તે સહિતની ચર્ચાઓ આજે સાંજે વિવિધ કાર્યોલયો સાંભળવા મળી હતી. જયારે કેટલાક મોટાગજાના રાજકારણીઓ નગરમાં થયેલા ઓછા મતદાનને લઈ પણ ચિંતિત જણાયા હતા. ત્યારે મતદાન બાદ કાર્યાલયો પર ભારે જમાવડો જોવા મળ્યો હતો. ચુંટણી બાદ પણ તાગ મેળવવો વધુ કપરો બની ગયો છે. રાજકીય વર્તુળમાં પરિણામલક્ષી ઉતેજના વધુ પ્રબળ બની જવા પામી છે. ત્યારે ચુંટણીમાં પેનલો તુટશે કે ચુંટાશે તે વાત પરિણામનો અસહ્ય મુદો બની ગઈ છે. ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીમાં આજે જ્ઞાતિ, ગામ અને સેકટર આધારીત સમીકરણો સ્પષ્ટ પણે દેખાઈ રહ્યા હતા.

મનપાની ચુંટણીમાં સમખાવા પુરતી જ પેનલો આવવાની શકયતા રહેલી છે. કારણકે મતદારોએ પણ પોતાના સેકટરના સ્થાનિક ઉમેદવારોને પ્રાધાન્ય આપવાનું જણાતા પેનલો તુટતી નજરે પડી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ચુંટણીમાં નશાબંધીના સરેઆમ લીરા

## મતદારોને આકર્ષવા માટે ગ્રામ્ય વિસ્તારમાં છાશની જેમ દારૂ પીરસાયો

ગાંધીનગર તા ૨૪

મહાનગરપાલિકાના ચુંટણી જંગમાં શહેર તેમજ આસપાસના ગામોમાં દારુની રેલમછેલ થઇ હતી. મતદારોને આકર્ષવા માટે ખુલ્લેઆમ દારુની પોટલીનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. ગાંધીના નામે ઓળખાતા ગાંધીનગરમાં રસાકસીભર્યા ચુંટણીજંગમાં દારુબંધીના સરેઆમ લીરા ઉડતા નજરે પડયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં તો છાશની જેમ દારુનુ વિતરણ થયુ હતુ. ભાજપ અને કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાભરી આ ચુંટણીમાં બેરોકટોક દારુની બોટલો અને પોટલીઓ પીરસવામાં આવી હતી. શહેરની શ્રમિક વસાહતમાં પણ દારુની પોટલીઓ પહોંચાડવામાં આવી હતી. જયારે ધોળાકુવા બોરીજ તેમજ ચરેડી છાપરામાં પણ દારુના દુષણથી મત બટોરવાની રણનીતી અપનાવામાં આવી હતી. ચરેડી છાપરામાં દારુ ખુટતા બેરલમાં દારુની બોટલો ઠાલવીને પાણી ભેળવીને છાશની જેમ લોટાથી દારુ પીરસવામાં આવ્યો હોવાનો પણ ગણગણાટ પ્રવર્તયો હતો. કેટલાક ગામડાઓમાં રીતસર દારુના પબ ધમધમતા થયા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. મહાનગરપાલિકાની ચુંટણીમાં વિકાસના મુદ્દાઓ અને પ્રજાના પ્રશ્નોની વાતોને કોરાણે મુકીને મતદારોને બોટલ પકડાવી ગુમરાહ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો ગણગણાટથી નગરજનોમાં ભારે આક્રોશ પ્રવર્તયો હતો. સત્તાના સમીકરણો સેટ કરવા દારુબંધીની ઐસી તૈસી કરી દેવાઇ હોવાનો સુર ઉઠવા પામ્યો હતો.



## ફતેપુરામાં ચાર માસીબાએ મતદાન કર્યું

ગાંધીનગર શહેરમાં વોર્ડ નંબર-૫ માં સમાવિષ્ઠ ફતેપુરા ગામમાં છેલ્લા ૩૫ વર્ષથી રહેતા મધુમાસી, રેખામાસી, શકીલામાસી, રુબીમાસી સવારે ૧૧ કલાકે ફતેપુરાની પ્રાથમિક શાળા ખાતે પહોંચી ગયા હતા અને મતદાન કરીને મતાધિકારનો ઉપયોગ કરીને અન્ય મતદારોને મતદાન કરવા અપીલ કરી હતી.

## ઓળખકાર્ડ નહીં ચાલે સ્લીપ આપો મતદાનનું ટપકું પણ કોઇપણ હાથ પર

ગાંધીનગર તા ૨૪

મહાનગરપાલિકાની ચુંટણીમાં આજે મતદારોને અનેક સમસ્યા ભરખી ગઇ હતી. મતદારયાદીમાંથી હતા. સ્લીપ લીધા વિના ઓળખપત્રના આધારે મતદાન કરવા પહોંચેલા મતદારોને અટકાવાતા પણ રોષ પ્રવર્તયો હતો. મતદાનના અંતે ફરજ પરના અધિકારીઓ દ્વારા ચિન્હ પણ અલગ અલગ હાથની આંગળી પર કરવામાં આવતુ હતુ. સે-૩૦માં ડાબા હાથની પણ મતદારો અચરજમાં મુકાયા હતા.મતદાર યાદીમાં નામ ન હોવાની સાથે નામ બદલાવા ઉપરાંત સ્લીપ વિના મતદાન મથક પર ઓળખપત્ર સાથે મત આપવા જતા મતદારોને પણ ફરજ પરના અધિકારીઓ દ્વારા સહયોગ આપવાના બદલે દલીલો કરવામાં આવતા નારાજગી વ્યાપી હતી. મતદારોનો ઉત્સાહ ઓસરી જતો નજરે પડયો હતો. વિકલાંગ મતદારો માટેના રેમ્પનો પણ ઉપયોગ ન થઇ શકે તેવી



નામ ગુમ થવા ઉપરાંત નામો બદલાઇ ગયા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો હતો. જયારે આકરી ગરમીમાં મતદાન કરવા કેન્દ્ર પર પહોંચેલા મતદારોને કડવા અનુભવો થયા ફરજ પરના અધિકારીઓ દ્વારા સ્લીપ સાથે રાખવાનો આગ્રહ કરવામાં આવતા સે-૩ની પ્રાથમિક શાળામાં મતદારો અને ફરજ પરના અધિકારી વચ્ચે બોલાચાલી થઇ હતી. જયારે આંગળી પર તેમજ વાર્ડનં-૫ માં જમણા હાથની આંગળી પર ચિન્હ કરવામાં આવ્યુ હતુ. મતદાનના અંતે ડાબા હાથની આંગળીના બદલે જમણા હાથે સાહી લગાવી દેવાતા સ્થિતિ પણ કેટલાક ઠેકાણે નજરે પડી હતી. આકરી ગરમી વચાળે મતદાન કરવા આવતા મતદારોમાં યોગ્ય સહયોગ અને વ્યવસ્થાના અભાવ વચ્ચે પ્રબળ આક્રોશ પ્રવર્તયો હતો.

## દિવ્યાંગ દિકરીએ મતદાન કરીને અન્ય મતદારોને ઉદાહરણ પુરુ પાડ્યું

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીમાં મતદારોએ નિરસતા દેખાડી છે. ગાંધીનગર પાલિકાનું માત્ર ૫૩ ટકા મતદાન નોંધાયું છે. રવિવારની રજા તેમજ મતદાન મથકથી અડધો કિલોમીટર દુર ઘરમાં પુરાઈ રહ્યા હોવા છતા મતદારોએ મતદાન ન કરીને નિરસતા દેખાડી છે. ઉમેદવારો અને કાર્યકરો મતદારોને મતદાન મથક સુધી ખેંચી લાવવામાં નિષ્ફળતા મળી છે. ત્યારે ગાંધીનગર શહેરના વોર્ડ નંબર-૬ ધોળાકુવા ખાતે રહેતી દિવ્યાંગ દિકરી શારદાબેન



મારવાડી બપોરના સુમારે કાળઝાળ ગરમીમાં રીક્ષામાં બેસીને મતદાન મથક સુધી આવી પહોંચી હતી અને ત્યાંથી અંદર ઢસડાતી ઢસડાતી હિંમતભેર અંદર ગઈ હતી અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને અન્ય મતદારોને ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

## સેકટર-૩૦માં બે ઉમેદવારોનાં સમર્થકો વચ્ચે ચકમક ઝરી

### સામ સામે હાથાપાઈ થતા પોલીસ કાફલો દોડતો થઈ ગયો : પોલીસ ફરિયાદ લેવાનો ઈન્કાર

ગાંધીનગર, તા.૨૪

મહાનગરપાલિકાની ચુંટણીમાં દિવસભર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું પરંતુ અંતિમ તબક્કામાં સમી સાંજે સેકટર-૩૦ ખાતે સ્થિત મતદાનબુથની બહારના ભાગે બે પક્ષના ઉમેદવારોના સમર્થકો વચ્ચે ચકમક ઝરી હતી. ઉગ્ર બોલાચાલી બાદ મારામારી સુધી મામલો પહોંચી ગયો હતો પરંતુ પર્સનલ મેટર હોવાનું કહીને ફરિયાદ આપવાનું ટાળ્યું હોવાનું પોલિસનું કહેવું છે.

મળતી માહિતી મુજબ બંને પક્ષના ઉમેદવારોના સમર્થકોએ બે દિવસ અગાઉ રેલી નિકાળી હતી તે સમયે પણ ઉગ્ર બોલાચાલી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે તે જ વ્યકિતઓ વચ્ચે આજે મતદાનના અંતિમ તબક્કામાં સમી સાંજે સે-૩૦ ખાતેના બુથની બહાર ફરીથી કોઈ બાબતે માથાકુટ થઈ હતી આ મામલો ગંભીર સ્વરૂપ લઈ રહ્યો હોવાના મેસેજ પોલીસને મળતા એસ.પી., એલસીબી તથા સ્થાનિક પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

### બેસણું



અમારા નાના ભાઈશ્રી
સુભાષ વસંતરાય ઓઝાના ધર્મપત્ની
**અ.સૌ. મનિષાબેન સુભાષભાઈ ઓઝા** તા. ૨૪-૪-૨૦૧૬ને રવિવારના રોજ કૈલાસવાસ પામેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૫-૪-૨૦૧૬ને સોમવારે સવારે ૯ થી ૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૪૭૦/૨, સેક્ટર-૪/બી, ખ-રોડ પાસે, ગાંધીનગર**

ઓઝા મહેન્દ્રભાઈ વસંતરાય    ઓઝા કરણ સુભાષભાઈ
ઓઝા રૂચિતા સુભાષભાઈ    મો. ૯૪૨૬૫ ૫૬૬૯૯

ગાંધીનગર માટે
LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com